### વેસુમાં એસ.ડી. જૈન સ્કૂલની જમીનનો વિવાદ

# ફરિયાદ દાખલ કરવા કોર્ટનો હુકમ છતાં પોલીસ કાર્યવાહી થઈ નહોતી

**કોર્ટનાં** હૂકમના અનાદર માટે કન્ટેમપ્ટ ઓફ કોર્ટની શોકોઝ નોટિસ પણ ઉમરા પોલીસને મળી હતી

**બોગસ** દસ્તાવેજોથી કરોડોની મિલકત વેચાઈ હોવાનો માજી સૈનિકનો ગંભીર આરોપ




સુરત : સુરતના વેસુ વિસ્તારમાં આવેલી એસ.ડી. જૈન સ્કૂલ સાથે સંકળાયેલી જમીન મામલે મોટો વિવાદ સામે આવ્યો છે. ભારતીય નૌકાદળના માજી સૈનિક હરિશભાઈ વલ્લભભાઈ પટેલે આરોપ મૂક્યો છે કે તેમની વડીલો પાર્જિત જમીન ખોટા પેઢીનામા અને બોગસ વારસાઈ દસ્તાવેજોના આધારે ગેરકાયદે રીતે વેચાઈ ગઈ છે. પેઢીનામામાં નાથુભાઈના વારસદારોના નામમાંથી માત્ર ભાણાભાઈના વારસદારોના નામ એડ થયા હોવાના આક્ષેપ પણ હરિશભાઈ કરી રહ્યા છે.

હરિશભાઈના જણાવ્યા મુજબ, તેમના કાકા ભાણાભાઈએ ખોટા પેઢીનામા તૈયાર કર્યા હતા. ભાણાભાઈએ માત્ર તેમના વારસદારોના નામ દર્શાવતું પેઢીનામું રજૂ કરીને જમીન પર કબ્જો મેળવવાનો પ્રયાસ કર્યો હતો. આ બોગસ દસ્તાવેજોના આધારે જમીન દેવરાજભાઈ જૈનને વેચવામાં આવી હતી. વેસુ વિસ્તારમાં બ્લોક નંબર 19, 20 અને 22માં આવેલી લગભગ 34,000 વાર જેટલી કિંમતી જમીન આ વિવાદમાં સામેલ છે. આ જમીન ટોપ લોકેશન પર આવેલી હોવાથી તેની કિંમત કરોડોમાં હોવાનું માનવામાં આવે છે. હરિશભાઈનો દાવો છે કે સમગ્ર વેચાણ બોગસ કાગળોના આધારે કરવામાં આવ્યું છે. હરિશભાઈએ જણાવ્યું કે વર્ષ 2018માં કોર્ટને પ્રાથમિક તપાસમાં બોગસ પુરાવા સ્પષ્ટ જણાતા પોલીસને ફરિયાદ દાખલ કરવાનો આદેશ આપ્યો હતો. તેમ છતાં, પોલીસ દ્વારા આ મામલે યોગ્ય કાર્યવાહી કરવામાં આવી નહોતી અને કોર્ટના આદેશનો અનાદર થયો હતો.

આ મામલે કોર્ટે ઉમરા પોલીસ ઇન્સ્પેક્ટરને કન્ટેમ્પ્ટ ઓફ કોર્ટ હેઠળ શોકોઝ નોટિસ પણ ફટકારી હતી. હરિશભાઈનો આક્ષેપ છે કે ત્યારબાદ પોલીસે કોર્ટને પણ ગુમરાહ કરવાનો પ્રયાસ કર્યો હતો.

### 1984થી ચાલતા કેસ વચ્ચે 1988માં વેચાણ

વિવાદની વધુ ચોંકાવનારી બાબત એ છે કે આ જમીન અંગે વર્ષ 1984થી માલિકીના દાવા ચાલી રહ્યા હતા. છતાં, વર્ષ 1988માં આ જમીન દેવરાજ જૈનને વેચી દેવામાં આવી હતી, જે શંકા વધુ ઘેરી બનાવે છે. બાદમાં આ જમીનમાં દેવરાજભાઈ અને કમલાદેવીનો 50-50 ટકા ભાગ હતો. જેમાંથી કમલાદેવીએ તેમના 50 ટકા ભાદ આનંદ જૈનને સોંપી દીધો હતો. આમ વિવાદીત જમીન મેળવવા જૈન પરિવારે પણ ખેલ કર્યાનો આક્ષેપ હરિશભાઈ દ્વારા કરાયો છે.

### પુનઃ તપાસથી મોટાં નામો બહાર આવવાની શક્યતા

હરિશભાઈ પટેલનું કહેવું છે કે જો આ સમગ્ર મામલે નિષ્પક્ષ રીતે ફરી તપાસ કરવામાં આવે, તો સત્ય બહાર આવી શકે છે અને શહેરના કેટલાક મોટા લોકોના નામ પણ સામે આવી શકે છે. આ સમગ્ર પ્રકરણને લઈને હવે ફરીથી તપાસ કરવાની માંગ ઉઠી રહી છે. પીડિત પક્ષે ન્યાયની માંગ સાથે સંબંધિત તંત્ર પાસેથી કડક કાર્યવાહી કરવાની અપેક્ષા વ્યક્ત કરી છે.

# કોંગ્રેસના ઉપપ્રમુખ સામે 1.95 કરોડની વ્યાજખોરી મિલકત પડાવ્યાની ફરિયાદ

**કોંગ્રેસનાજ** પૂર્વ કાર્યકારી પ્રમુખ દીપ નાયકને ઉપપ્રમુખ ઋષિન રાયકાએ 1.05 કરોડ વ્યાજે આપ્યા હતા

**ઋષિન** રાયકાએ 1.27 કરોડ લીધા બાદ પણ વધુ 1.95 કરોડની ઉઘરાણી કરી હોવાનું ફરિયાદમાં જણાવાયું

સુરતઃ શહેર કોંગ્રેસના પૂર્વ પ્રમુખ બાબુ રાયકાના પુત્ર અને હાલના ઉપપ્રમુખ ઋષિન રાયકા વિરુદ્ધ ઉમરા પોલીસ મથકમાં શેરબજારના વેપારી અને કોંગ્રેસના જ પૂર્વ કાર્યકારી પ્રમુખ દીપ નાયકે 1.95 કરોડની વ્યાજખોરી અને બળજબરીપૂર્વક મિલકત પડાવી લેવાની ફરિયાદ નોંધાવી છે.

ફરિયાદ મુજબ, સપ્ટેમ્બર 2018થી માર્ચ 2019 દરમિયાન વેપારીને જમીન પરના રિઝર્વેશનના કારણે નાણાંની જરૂર પડી હતી. ઋષિન રાયકાએ લાયસન્સ વગર ટુકડે-ટુકડે કુલ 1,05,00,000 (એક કરોડ પાંચ લાખ) 6%ના માસિક વ્યાજે આપ્યા હતા. આજદિન સુધી વ્યાજ અને મૂડી પેટે કુલ 1,27,00,000 ચૂકવી દીધા હોવા છતાં, રાયકા હજુ પણ 1,95,63,000 બાકી હોવાનું જણાવી ઉઘરાણી કરી રહ્યા છે. ફરિયાદી દીપ નાયકની ડિંડોલી-કરાડવા ખાતેની જમીન સરકારી રિઝર્વેશનમાં હતી. ઋષિન રાયકાએ એવી ઓળખાણ આપી હતી કે તેની સરકારી ખાતામાં ખૂબ જ સારી પહોંચ છે અને તે રિઝર્વેશન દૂર કરાવી દેશે. આ કામ માટે રાયકાએ વેપારી પાસેથી 40 લાખ લઈ લીધા હતા. બાદમાં જાણવા મળ્યું હતું કે, રિઝર્વેશન તો સરકારી નિયમ મુજબ (GR) હટ્યું હતું, પરંતુ રાયકાએ પોતાની વગ બતાવી ખોટી રીતે આ રકમ પચાવી પાડી હતી. જાન્યુઆરી- 2023માં રાયકાએ પોતાની વગ વાપરીને સુંદરમ એપાર્ટમેન્ટમાં આવેલો એક લક્ઝુરિયસ ફ્લેટ, જેની બજાર કિંમત 90 લાખથી વધુ છે અને જંત્રી કિંમત 35 લાખ છે, તે માત્ર 8 લાખની નજીવી કિંમતે બળજબરીપૂર્વક લખાવી લીધો હતો. પત્નીના ચેક પર 15 લાખ અને વેપારીના ચેકો પર 1.80 કરોડની રકમ ભરીને કોર્ટમાં કેસો દાખલ કરી માનસિક અને આર્થિક દબાણ ઊભું કરાયું હતું.

NATA
ENTRANCE EXAM PREPARATION 2025-26
10th To 12th & DIPLOMA
ARCHITECT
INTERIOR
JEE-2
NID
FINE ARTS
GAJENDRA MAJITHIA
New citylight
91-98251-47447

# 26 વર્ષ પહેલા ખેડૂતને લૂંટી તેની પુત્રી પર રેપ કરનાર ઝડપાયો

**સુરત** પોલીસની 16 ટોપ મોસ્ટ વોન્ટેડની યાદીમાં હતો

**સુનીલ** કાળેને મહારાષ્ટ્રના સાંગલીમાંથી ઝડપી લેવાયો

સુરતઃ વર્ષ 2000થી પોલીસને હાથતાળી આપી રહેલા અને સુરતના 'ટોપ-16' મોસ્ટ વોન્ટેડ ગુનેગારોની યાદીમાં સામેલ સુનિલ ઝુંબર કાળેને પોલીસે મહારાષ્ટ્ર-કર્ણાટક બોર્ડર પર આવેલા સાંગલીના ગાઢ જંગલોમાંથી ફિલ્મી ઢબે ઝડપી પાડ્યો છે. લૂંટ અને દુષ્કર્મ જેવા જઘન્ય અપરાધ આચરી વેશપલ્ટો કરીને રહેતા આ રીઢા ગુનેગાર પર સુરત પોલીસ કમિશનરે રૂ. 40,000નું ઇનામ જાહેર કર્યું હતું. અને તે સુરત પોલીસની મોસ્ટવોન્ટેડની 16 બદમાશોની યાદીમાં સામેલ હતો. વર્ષ 2003માં પરવટગામની સીમમાં આવેલા એક ખેતરમાં સુનિલ કાળે અને તેની ગેંગે કાળો કેર વર્તાવ્યો હતો. મધરાતે ત્રાટકેલા આ શખ્સોએ ઓઘડભાઈ પટેલના પરિવારને મોતની ધમકી આપી સોના-ચાંદીના દાગીના લૂંટી લીધા હતા. માનવતા નેવે મૂકીને આરોપીઓએ ખેડૂતની દીકરી પર સામૂહિક દુષ્કર્મ ગુજાર્યું હતું અને પરિવારને રૂમમાં પૂરી બહારથી તાળું મારી નાસી છૂટ્યા હતા. આ ઘટનાથી આખું સુરત ધ્રુજી ઉઠ્યું હતું. તે સમયે બે સાગરીતો પકડાયા હતા, પરંતુ મુખ્ય સૂત્રધાર સુનિલ પોલીસને થાપ આપી મહારાષ્ટ્ર નાસી ગયો હતો.

### જંગલમાં પાંચ દિવસ સુધી પોલીસનો વેશપલટો

આરોપી સાંગલીના પાચવા મૈલ વિસ્તારના જંગલોમાં છુપાયો હોવાની ચોક્કસ બાતમી લિંબાયત પી.આઈ. સુમિતાને મળી હતી. જંગલ વિસ્તારમાં આરોપી સતર્ક હોવાથી પોલીસ ટીમે સ્થાનિક મજૂરો અને ગ્રામીણ લોકો જેવો વેશ ધારણ કર્યો હતો. સતત 5 દિવસ સુધી જંગલની ખાખ છાણ્યા બાદ અને 2,000 કલાકની સખત મહેનત પછી 60 વર્ષીય સુનિલ કાળેને ઓળખી કાઢી દબોચી લેવાયો હતો. ડીસીપી કાનન દેસાઈના જણાવ્યા મુજબ, બદલાયેલા ચહેરા અને ઉંમર છતાં ટેકનિકલ સર્વેલન્સથી તેને ટ્રેસ કરાયો હતો.

### લિંબાયત પોલીસ મથકે નોંધાયેલા ગંભીર ગુના

» વર્ષ 2003: લૂંટ, દુષ્કર્મ અને મહિલાની છેડતી » વર્ષ 2000: લૂંટ ચલાવી ગંભીર ઈજા પહોંચાડવી » વર્ષ 2000: લૂંટનો પ્રયાસ અને પોલીસ જવાન પર હુમલો

### ગુનાહિત કુંડળી - મહારાષ્ટ્રમાં પણ ખૂન કરી ચૂક્યો છે

સુરતથી ભાગ્યા બાદ સુનિલ કાળેની ગુનાહિત માનસિકતા જરાય બદલાઈ નહોતી. મહારાષ્ટ્રમાં આશરો લીધા બાદ તેણે સાંગલી જિલ્લામાં પણ એક વ્યક્તિની ઘાતકી હત્યા (કલમ 302) કરી હતી. આ મર્ડર કેસમાં તે પકડાયો હતો અને 10 વર્ષની સખત જેલની સજા પણ કાપી હતી. ચોંકાવનારી વિગત એ છે કે, જેલમાંથી માત્ર 6 મહિના પહેલા જ તે મુક્ત થયો હતો અને ફરીથી પોતાની ઓળખ છુપાવીને મજૂરીકામ કરવા લાગ્યો હતો. સુરત પોલીસે તેના વતનની હિલચાલ અને જૂની કડીઓ જોડીને આખરે 26 વર્ષ જૂના હિસાબના ચોપડા સરભર કર્યા છે. તેની ધરપકડથી અનેક વણઉકેલ્યા ગુનાઓ પરથી પડદો ઊંચકાય તેવી શક્યતા છે.આ ગુનાઓમાં નાસતા ફરતા આ નરાધમને પકડીને પોલીસે પીડિત પરિવારને 26 વર્ષ બાદ ન્યાય અપાવ્યો છે. પોલીસ કમિશનર અનુપમસિંહ ગહલૌતે આ કામગીરી કરનાર ટીમને બિરદાવી ઇનામની જાહેરાત કરી છે.

# શહેર રામમય: બજાઓ ઢોલ સ્વાગત મેં, મેરે ઘર રામ આયે હૈ

**આજે** શહેરભરમાં રામનવમીની ભવ્ય ઉજવણી

સુરતઃ શહેરમાં આવતીકાલે તા. ૨૬મી માર્ચે રામનવમીની ભવ્ય ઉજવણી કરવામાં આવશે. શહેરનાં રામમંદિરોને શણગારવાની સાથે દિવસ દરમિયાન વિવિધ ધાર્મિક કાર્યક્રમો યોજાશે.

મંદિરોમાં વહેલી સવારે મંગળા આરતી સાથે કાર્યક્રમોની શરૂઆત થશે. દિવસભર ભક્તોની ભારે ભીડ જોવા મળશે. સુરતનાં કતારગામ, અડાજણ, વરાછા, ઉધના વિસ્તારનાં રામ મંદિરોને ફૂલોથી શણગારવામા આવ્યાં છે. સુરતમાં શ્રી રામ લાયન્સ ગ્રુપ દ્વારા વિશેષ શોભાયાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે તેમજ સુરતનાં અલગ અલગ વિસ્તારોમાં શોભાયાત્રા નીકળશે. આ તમામ શોભાયાત્રામાં પોલીસ તૈનાત રહેશે.

### તાપી કિનારે ત્રણ લાખ દીવા પ્રગટાવાશે

શ્રી સૂર્યપુર સંસ્કૃત પાઠશાળા મંડળ સુરતના સહયોગથી શ્રીરામ યાગ સાથે આવતીકાલે રામનવમીનાં શુભ અવસરે 3 લાખ દીવા પ્રગટાવશે તેમજ હનુમાન ચાલીસા, રામ સ્તુતિ, ભવ્ય આતીશબાજી તથા તાપી મહાઆરતી કરાશે. દિવસ દરમિયાન આ કાર્યક્રમ તાપી આરતી ઘાટ, રામ મઢી ઓવારા, ઇસ્કોન મંદિરની પાછળ, જહાંગીરપુરા, ખાતે થશે.

### બે દિવસ નવમીની તિથિ હોવાથી રામનવમીને લઈને દ્વિધા

જ્યોતિષાચાર્યનાં જણાવ્યાં મુજબ નવમી તિથિની શરૂઆત ૨૬ માર્ચના રોજ સવારે ૧૧.૪૮ વાગ્યે થશે અને ૨૭ માર્ચની સવારે ૧૦.૦૬ વાગ્યા સુધી રહેશે. બે દિવસ નવમી તિથિ હોવાથી રામ નવમીની તારીખને લઈને ભ્રમની સ્થિતિ છે. ભગવાન રામનો જન્મ પુનર્વસુ નક્ષત્રમાં થયો હતો અને આ નક્ષત્ર ૨૬ ના રોજ નહીં, ૨૭ તારીખે છે, આ દિવસે સૂર્યોદય પણ નવમી તિથિમાં જ થશે, તેથી ૨૭ ના રોજ રામ નવમી ઉજવવી શ્રેષ્ઠ છે તેમજ શાસ્ત્રો અનુસાર ભગવાન શ્રીરામનો જન્મ ચૈત્ર શુક્લ નવમીની બપોરે થયો હતો. તેથી જે દિવસે બપોરે નવમી તિથિ હોય, તે જ દિવસે રામનવમી ઉજવવી જોઈએ. આ વખતે 26 માર્ચની બપોરે નવમી તિથિ રહેશે, તેથી આ જ દિવસે નવમી ઉજવી શકાય છે.

### ઉધનામાં આર્થિક સંકડામણમાં આધેડનો આપઘાત

સુરતઃ પશ્ચિમ બંગાળના વતની અને હાલ ઉધના અમૃતનગરમાં આવેલ ભક્તિકુંજ અપાર્ટમેન્ટમાં રહેતા 52 વર્ષીય સરોજભાઈ દેવેન્દ્રભાઈ ચેટર્જી લેસ મશીન ઓપરેટર તરીકે કામ કરતા હતા. કાલે રાત્રે સરોજભાઈએ બેડરૂમમાં પંખા સાથે દુપટ્ટો બાંધી ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. સરોજભાઈએ આર્થિક સંકડામણમાં આપઘાતનું પગલું ભર્યું હોવાનું પોલીસે જણાવ્યું હતું.

### અડાજણમાં છઠ્ઠા માળેથી ભેદી રીતે પટકાતાં વૃદ્ધનું મોત

સુરતઃ મધ્યપ્રદેશના વતની અને હાલ અડાજણ હનીપાર્ક રોડ પર આવેલ અખંડ આનંદ એપાર્ટમેન્ટમાં રહેતા 80 વર્ષીય વિક્રમસિંહ દેવસિંહ ચૈરાળા સિક્યુરિટી ગાર્ડ તરીકે નોકરી કરતા હતા. ગઇકાલે રાત્રે તેઓ ઘરના છઠ્ઠા માળે દાદરના પેસેજની બાલ્કનીના ભાગેથી રહસ્યમય સંજોગોમાં નીચે પટકાયા હતા. તેમને સિવિલમાં દાખલ કરતાં તબીબોએ મૃત જાહેર કર્યા હતા.

**મુથૂટ હોમફિન (ઈન્ડિયા) લિમિટેડ**
Muthoot Homefin
કોર્પોરેટ ઓફિસઃ યુનિટ નં. 19-NE, 19મો માળ, ધ રૂબી, સેનાપતિ બાપટ માર્ગ, રૂપારેલ કોલેજ પાસે, દાદર (વેસ્ટ), મુંબઈ, મહારાષ્ટ્ર - 400 028

**ડિમાન્ડ નોટિસ**

સિક્યોરિટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઈન્ટરેસ્ટ એક્ટ, 2002ની કલમ 13(2) અને સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, 2002ના નિયમ 3(1) હેઠળ.

અધિકૃત અધિકારી, મુથૂટ હોમફિન (ઈન્ડિયા) લિમિટેડ (MHIL)ના સિક્યોરિટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઈન્ટરેસ્ટ એક્ટ, 2002 (ઉક્ત કાયદો) હેઠળ છે. ઉક્ત કાયદાની કલમ 13(2) અને સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, 2002 ના નિયમ 3 હેઠળ મળેલી સત્તાનો ઉપયોગ કરીને, અધિકૃત અધિકારીએ ઉક્ત કાયદાની કલમ 13(2) હેઠળ ડિમાન્ડ નોટિસો જારી કરી છે, જેમાં નીચેના દેવાદાર/ઓ ("ઉક્ત દેવાદાર")ને તેમને જારી કરાયેલ સંબંધિત ડિમાન્ડ નોટિસમાં દર્શાવેલ રકમ ચૂકવવા માટે જણાવવામાં આવ્યું છે, જે નીચે મુજબ છે.

ઉપરોક્તના સંદર્ભમાં આ નોટિસ દ્વારા ઉક્ત દેવાદારને ફરી એકવાર નોટિસ આપવામાં આવે છે કે, આ નોટિસ પ્રસિદ્ધ થયાના 60 દિવસની અંદર, નીચે જણાવેલ તારીખોથી ચુકવણી અને/અથવા વસૂલાતની તારીખ સુધી, લોન કરાર અને અન્ય દસ્તાવેજો/લખાણો હેઠળ ચૂકવવાપાત્ર, ઉક્ત ડિમાન્ડ નોટિસોમાં વિગતવાર જણાવ્યા મુજબ 2% પ્રતિ માસના વધારાના વ્યાજ સાથે MHILને નીચે દર્શાવેલ રકમની ચૂકવણી કરે. લોનની યોગ્ય ચુકવણી માટે સુરક્ષા તરીકે, નીચેની મિલકતો ઉક્ત દેવાદારો દ્વારા અનુક્રમે MHIL ને ગીરો રાખવામાં આવી છે.

| ક્રમ નં. | દેવાદાર(ઓ)/ સહ-દેવાદાર(ઓ)/ જામીનદારનું નામ/ લોન એકાઉન્ટ નં./ શાખા | કુલ બાકી લેણી રકમ (રૂ.) | ડિમાન્ડ નોટિસની તારીખ | સુરક્ષિત અસ્કયામતોનું વર્ણન (સ્થાવર મિલકત) |
|---|---|---|---|---|
| 1. | ગુલાબદાસ છોગારામ સંત/ સૂરજ દેવી ઔરમ દાસ/ 043-04300080/ ભરૂચ | રૂ. 43,79,735/- અંકે રૂપિયા તેતાલીસ લાખ ઓગણએંસી હજાર સાતસો પાંત્રીસ પૂરા. | 12-03-2026 | તે તમામ જમીન અને મિલકતનો ભાગ જે જીલ્લો ભરૂચ, સબ-ડીસ્ટ્રીક્ટ અંકલેશ્વર, મોજે કોસમડી, રે.સ.નં. 538, 538-B કુલ ક્ષેત્રફળ 6273 ચો.મી. પૈકી શિવમ એન્કલેવ, બીજો માળ, ફ્લેટ નં. 203, બાંધકામ ક્ષેત્રફળ 74.81 ચો.મી. છે. સદરહુ મિલકતની ચતુર્દિશા આ મુજબ છેઃ ઉત્તરઃ રે.સ. ખુલ્લી જમીન, પૂર્વઃ ફ્લેટ નં. 204, દક્ષિણઃ પેસેજ, પશ્ચિમઃ ફ્લેટ નં. 202. |

જો ઉક્ત દેવાદારો ઉપર મુજબ MHILને ચુકવણી કરવામાં નિષ્ફળ જશે તો MHIL ઉક્ત કાયદાની કલમ 13(4) અને લાગુ પડતા નિયમો હેઠળ ઉપરોક્ત સુરક્ષિત મિલકતો સામે કાર્યવાહી કરશે, જે સંપૂર્ણપણે ઉક્ત દેવાદારોના ખર્ચ અને પરિણામોના જોખમે રહેશે.

ઉક્ત દેવાદારોને MHILની પૂર્વ લેખિત સંમતિ વિના વેચાણ, લીઝ અથવા અન્યથા ઉપરોક્ત મિલકતો સ્થળાંતરિત કરવા પર કાયદા હેઠળ પ્રતિબંધ છે. જે વ્યક્તિ ઉક્ત કાયદા અથવા તે હેઠળ બનાવેલા નિયમોની જોગવાઈઓનું ઉલ્લંઘન કરે અથવા ઉલ્લંઘનમાં મદદ કરે, તે કાયદા હેઠળ જોગવાઈ મુજબ જેલ અને/અથવા દંડ માટે જવાબદાર રહેશે.

તારીખઃ 26 માર્ચ, 2026
સ્થળઃ ભરૂચ
સહી/- અધિકૃત અધિકારી,
મુથૂટ હોમફિન (ઈન્ડિયા) લિમિટેડ

**વાપી મહાનગરપાલિકા- વાપી**
૩૯૬૧૯૧, તા- વાપી, જી- વલસાડ
**(વહીવટી શાખા) (બીજો પ્રયત્ન)**

વાપી મહાગરપાલિકા-વાપી, વાપી ટાઉન પોલીસ સ્ટેશન પાસે, વાપી-૩૯૬૧૯૧, તા-વાપી, જી.વલસાડ, ટે.નં. (૦૨૬૦) ૨૪૬૩૩૭૮ તરફથી યોગ્ય લાયકાત ધરાવતા અનુભવી કાર્ય કરવાની ઇચ્છા ધરાવનાર તથા સરકાર માન્યતા પ્રાપ્ત ઇજારદારશ્રી પાસેથી નીચે મુજબના કામો માટે ઓન લાઇન ભાવો મંગાવવામાં આવે છે. ટેન્ડરની વધુ વિગતો વાપી મહાનગરપાલિકા-વાપી કચેરીએ ઓફિસ સમય દરમ્યાન જોવા મળશે. તેમજ ઓનલાઈન https://vapimunicipality.nprocure.com, https://www.nprocure.com and tender.nprocure.com website ઉપર જોવા મળી શકશે. તેમજ દરેક કામનું કવર અલગથી સિલબંધ કવરમાં મોકલવાનું રહેશે. તથા કવર ઉપર કામનું નામ ટેન્ડર આઇ.ડી. અને વહીવટી શાખાનું નામ અવશ્ય લખવાનું રહેશે. ભાવપત્રક ખોલવા કે ના ખોલવા તથા મંજુર કરવા કે નામંજુર કરવાનો હક્ક વાપી મહાનગરપાલિકા-વાપીને અબાધિત રહેશે. જે માટે કોઇપણ કારણો આપવામાં આવશે નહિ.

| અ. નં. | કામનું નામ | ૧. અંદાજીત કિંમત<br>૨. ટેન્ડર ફી | ૩. ઇએમડી<br>૪. સમય મર્યાદા |
|---|---|---|---|
| ૧ | સને ૨૦૨૫-૨૬ના વાર્ષિક ભાવે વાપી મહાનગરપાલિકા માટે ડેકોરેટિવ મંડપ માલસામાન ભાડેથી કામગીરી કરવાનું કામ | 1. Rs.30,00,000/-<br>2. Rs.2500/-(18% GST)-450 Total-2950/- | 3. Rs.90,000/-<br>4. 12 Months |

| | |
|---|---|
| ઓનલાઇન ટેન્ડર ડાઉનલોડ શરૂ કરવાની તારીખ | ૨૭/૦૩/૨૦૨૬ |
| ટેન્ડર ડાઉનલોડ તથા અપલોડ કરવાની આખરી તારીખ | ૦૨/૦૪/૨૦૨૬ ૧૭.૦૦ કલાક સુધી |
| ટેકનીકલ બીડ તથા ટેન્ડર ફી, બાનાની રકમ અને અન્ય દસ્તાવેજો માત્ર રજી. પોસ્ટ એડી/ સ્પીડ પોસ્ટથી (રૂબરૂમાં દસ્તાવેજો સ્વીકારવામાં આવશે નહીં) રજુ કરવાની આખરી તારીખ | ૦૨/૦૪/૨૦૨૬ ૧૭:૦૦ કલાક સુધી |
| ટેન્ડર ખોલવાની સંભવિત તારીખ | ૦૪/૦૪/૨૦૨૬ બપોરે ૧૨:૩૯ કલાકે (શક્ય હશે તો) |

-સહી-
નાયબ મ્યુનિસિપલ કમિશ્નર
વાપી મહાનગરપાલિકા-વાપી
નં. માહિતી/વલસાડ/૧૦૨૨/૨૦૨૬

वित्त मंत्रालय MINISTRY OF FINANCE

**જીએસટી કરદાતા ધ્યાન આપો!**




જે કરદાતાઓનું કુલ વાર્ષિક ટર્નઓવર# એક નિર્દિષ્ટ મર્યાદા* સુધી છે, તેઓ નાણાકીય વર્ષ 2026-27 માટે જીએસટી કમ્પોઝિશન યોજનાનો વિકલ્પ 31 માર્ચ, 2026 સુધી પસંદ કરી શકે છે

પાત્ર કરદાતાઓ, જેઓ કમ્પોઝિશન યોજનાનો લાભ લેવા ઇચ્છે છે, તેઓ જીએસટી પોર્ટલ (www.gst.gov.in) પર નીચેની પ્રક્રિયા દ્વારા કમ્પોઝિશન યોજનાનો વિકલ્પ પસંદ કરી શકે છે:

LOGIN
લોગિનઃ કરદાતા ઇન્ટરફેસ પર લોગિન કરો
સેવામાં જાઓ > રજિસ્ટ્રેશન > એપ્લિકેશન ટુ ઓપ્ટ ફોર કમ્પોઝિશન લેવી પર જાઓ
ફોર્મ GST CMP-02 ભરીને સબમિટ કરો

જે પાત્ર કરદાતાઓ પહેલેથી જ કમ્પોઝિશન યોજનાનો લાભ લઈ રહ્યા છે, તેમને ફોર્મ GST CMP-02 ભરવાની જરૂર નથી

સરળ અને સુવિધાજનક પાલન
TAX આકર્ષક કર દરો
ન્યૂનતમ પાલન જરૂરિયાતો
સ્વતઃ ચાલુ/ નવીનીકરણ અને યોજના છોડવી પણ સરળ
માલ અને સેવાઓના સપ્લાયર્સ માટે ઉપલબ્ધ
ઓછી ખાતાવહીની જરૂરિયાત

| * સપ્લાયરના પ્રકાર | | # નાણાકીય વર્ષ 2025-26માં કુલ વાર્ષિક ટર્નઓવર |
|---|---|---|
| માલના સપ્લાયર | 08 નિર્દિષ્ટ રાજ્યોમાં નોંધાયેલા કરદાતા | રૂ. 75 લાખ સુધી |
| | અન્ય રાજ્યોમાં નોંધાયેલા કરદાતા | રૂ. 150 લાખ સુધી |
| સેવાઓના સપ્લાયર | | રૂ. 50 લાખ સુધી |

વધુ માહિતી માટે કૃપા કરીને જીએસટી અધિનિયમની કલમ 10, સીજીએસટી નિયમ 3 થી 7 અને જાહેરનામું ક્રમાંક 14/2019 કેન્દ્રીય કર તારીખ 07.03.2019 જુઓ.

**જીએસટી કમ્પોઝિશન યોજનાઃ નાના કરદાતાઓ માટે મોટા લાભ**

@cbicindia @cbic_india @cbicindia @CBICINDIA @CBIC india

CBC 15502/13/0051/2526